PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા–૦૪/૧૬–૧૭/ ૬૯૬ તા. ૦૮/૦૩/૧૭

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સીલ્વર ટેક કોટ સ્પીન પ્રા. લી.,
શ્રી સ્વાગત હાઉસ, ઈન્દીરા સર્કલ પાસે,
સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક ની નજીક,
યુનીવર્સીટી રોડ,
રાજકોટ–૩૬૦ ૦૦૫
મો: ૦૨૮૧ –૨૫૭૬૫૦૧

વિષય :–એચ.ટી. જોડાણ મા લોડ ઘટાડા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૫–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૧/ક્વા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૪..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 03 /B

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૧/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૭–૦૩–૧૭ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: સીલ્વર ટેક કોટ સ્પીન પ્રા. લી., ગામ: આણંદપર,

રજુઆત કરનાર : સીલ્વર ટેક કોટ સ્પીન પ્રા. લી.ના ડાયરેક્ટર શ્રી નિતાંત છગનભાઈ બુસા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

રજુઆત કરનાર :એન.પી.શાહ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

### ફરીયાદ : એચ.ટી. જોડાણ મા લોડ ઘટાડા બાબત

### મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના હૈયાત એચ.ટી. જોડાણ નં. ર૭૧૯૧ મા, હૈયાત ૩૫૦૦ કેવીએના વીજભાર સામે, તેઓને વીજવપરાશ ખરેખર ઓછો છે. અને જોડાણ તા.૦૩–૦૭–૧૫ થી ચાલુ કરાયેલ છે. જેથી, તેઓએ સદર જોડાણ ના કરારીત ૩૫૦૦ કેવીએના વીજભાર માથી, ૩૫૦ કેવીએનો વીજભાર ઘટાડો મેળવવા માટે ની, જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે ની લેખીત અરજી, જે તા.૧૦–૦૯–૧૬ ના રોજ કચેરી મા રજુ કરાયેલ હોવા છતા, સબંધક કચેરી તરફથી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નુ – સીલ્વર ટેક કોટ સ્પીન પ્રા. લી. ના નામનુ, ગામ: નિકાવા ખાંતે આવેલ, એચ.ટી. જોડાણ નં. ર૭૧૯૧, જે તા.૦૩–૦૭–૧૫ થી, ૩૫૦૦ કેવીએના વીજભાર મુજબ રીલીઝ થયેલ છે. હાલ ના તબ્બકે, સદર જોડાણ ના ઉત્પાદન મા કપાત હોય, પુરો વીજભાર વાપરવાની જરૂરીયાત ન હોય, તેવા કારણોસર, અરજદાર શ્રી એ તેઓશ્રી ના સદર જોડાણ ના કરારીત ૩૫૦૦ કેવીએના વીજભાર માથી – ૧૦% વીજભાર ઘટાડો – જે જીઈઆરસી ના સપ્લાય કોડ ના મુદ્દા નં. ૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈ – જે જોડાણ ના કરારનામા તારીખ થી એક વર્ષ પૂર્ણ થયા બાદ, ૧૦% સુધી વીજભાર ઘટાડો – મંજુર કરી શકાય, તે જોગવાઈ ને આનુષાંગીક રહી ને– તેમના અગાઉ તા.૦૯–૦૩–૧૫ ના રોજ ના કરારનામા હેઠળ ૩૫૦૦ કેવીએ ના વીજભાર હેઠળ ના આ જોડાણ મા, ૧૦% સુધી ના વીજભાર ઘટાડા મુજબ ની ગણતરીએ ૩૫૦ કેવીએનો વીજભાર ઘટાડો મેળવવા માટે ની – વિધીસર ની અરજી, જે પીજીવીસીએલ મા – જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, તા.૧૪–૦૯–૧૬ ના રોજ કચેરી મા રજુ કરેલ છે. આમ, અરજદાર શ્રી નુ, ૩૫૦૦ કેવીએ વીજભાર વાળુ જોડાણ, જે અગાઉ તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત થયેલ છે. આ કરારનામા તા.૦૯–૦૩–૧૫ પછી નો ૦૧ વર્ષ નો સમયગાળો તા.૦૮–૦૩–૧૬ ના રોજ પૂર્ણ થાય છે. અને તે મુજબ, કરારનામા તા.૦૯–૦૩–૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ ની તા.૦૮–૦૩–૧૬ પછી જ – એટલેકે તા.૧૪–૦૯–૧૬ ના રોજ પીજીવીસીએલ ની કચેરી મા રજુ કરેલ છે. આમ, અરજદાર શ્રી ની સદર અરજી ૧૦% સુધી ના વીજભાર ઘટાડો મેળવવા માટે ની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા |

| | |
|---|---|
| | નામદાર જીઈઆરસી ના નોટી ફિકેશન નં. : ૪/૨૦૧૧ ના મુદ્દા નં.૪.૧૦૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો અને શરતો ની મર્યાદા હેઠળ ની જ છે. |
| **૨.૨** | પરંતુ, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા નામદાર જીઈઆરસી ના નોટી ફિકેશન નં. : ૪/૨૦૧૧, કે જેનુ, '' ધી ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટ '' જે તા.૨૪—૦૯—૧૫ ના રોજ પ્રસીધ્ધ થયેલ છે. એ મુજબ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મા વર્ણવેલ ''નામદાર જીઈઆરસી ના નોટી ફિકેશન નં. : ૪/૨૦૧૧ ના મુદ્દા નં.૪.૧૦૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતો અને શરતો '' ની અમલવારી, રાજય સરકાર શ્રી ના ગેઝેટ ની તા.૨૪—૦૯—૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ, વીજભાર ઘટાડો અસરકર્તા કરી શકાય? કે કરારનામા તા.૦૯—૦૩—૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ, વીજભાર ઘટાડો અસરકર્તા કરી શકાય? — આ બાબતે, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર તરફથી, વર્તુળ કચેરી જામનગર ને, પત્ર નંબરઃ જેઆરડી/ટેક/૫૯૫૭ તા.૧૬—૦૯—૧૬ થી પાઠવીને, અભિપ્રાય માંગવામા આવેલ છે. પરંતુ,આજદિનસુધી અભિપ્રાય મળેલ નથી. તેમ છતા, અત્રે તરફથી એ મંતવ્ય રજુ કરવામા આવે છે કે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર એચ.ટી. જોડાણ ના કેઈસમા, અરજદાર શ્રી તરફથી માંગવામા આવેલ એવો, તા.૦૯—૦૩—૧૫ ના રોજ કરારીત કરાયેલ એવા, મુળ ૩૫૦૦ કેવીએ ના વીજભાર વાળા જોડાણ મા, ૧૦% વીજભાર ઘટાડો, જે કરારનામા તા.૦૯—૦૩—૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ, એટલેકે તા.૦૮—૦૩—૧૬ થી અસરકર્તા ગણી શકાય નહી, પરંતુ, રીવાઇઝ સપ્લાય કોડ નં. —૦૪/૨૦૧૫ ના, ગર્વમેન્ટ ઓફ ગુજરાત ના ગેઝેટ ની તારીખઃ ૨૪—૦૯—૧૫ પછીના ૦૧ વર્ષ બાદ, એટલેકે તા.૨૩—૦૯—૧૬ થી, ૧૦% વીજભાર ઘટાડો અસરકર્તા કરી શકાય. તે મુજબનુ મંતવ્ય અત્રેથી રજુ કરવામા આવે છે. |

**મુદ્દા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ તેઓ શ્રી ના એચ.ટી. જોડાણ નં. ૨૭૧૯૧, જે અગાઉ તા.૦૩—૦૭—૧૫ થી, ૩૫૦૦ કેવીએ ના વીજભાર મુજબ રીલીઝ કરાયેલ જોડાણ મા, તા.૦૯—૦૩—૧૫ ના રોજ કરારનામુ કરેલ છે. આ કરારનામા સમયે, નામદાર જીઈઆરસી ના અગાઉ ના સપ્લાય કોડ — ૧૧/૨૦૦૫ અમલવારી મા રહેલ હતો. આ અગાઉ ના સપ્લાય કોડ — ૧૧/૨૦૦૫ મા કરાયેલ જોગવાઈ મુજબ — જોડાણકાર, તેઓ શ્રી ના જોડાણ મા, વીજભાર વધારો / ઘટાડો — જે કરારનામા તારીખ થી ૦૨ વર્ષ પુરા થયા બાદ કરી શકે તેવી જોગવાઈ હતી. ત્યારબાદ, હાલ ના તબ્બકા ના, રીવાઇજ સપ્લાય કોડ નંબર : — ૦૪/૨૦૧૫, જે ગર્વમેન્ટ ઓફ ગુજરાત ની ગેઝેટ પ્રસીધ્ધી તા.૨૪—૦૯—૧૫ પછી થી પીજીવીસીએલ મા આવેલ છે. અને આ રીવાઇઝ સપ્લાય કોડ નંબર : — ૦૪/૨૦૧૫ ની અમલવારી, પીજીવીસીએલ મા માર્ચ—૨૦૧૬ થી કરવામા આવેલ છે. આ રીવાઇઝ સપ્લાય કોડ નંબર : — ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૧૦૨ મા કરાયેલ જોગવાઈ મુજબ, જોડાણકાર તેમના જોડાણ મા, કરારનામા તારીખ પછી ના ૦૧ વર્ષ બાદ, કુલ કરારીત વીજભાર ના ૧૦% સુધી વીજભાર ઘટાડો મેળવી શકે છે. |
| **૩.૨** | પરંતુ, અગાઉ ના સપ્લાય કોડ નં. — ૧૧/૨૦૦૫ અને નવા રીવાઇઝ સપ્લાય કોડ નંબર : — ૦૪/૨૦૧૫ ની અમલવારી, જે માર્ચ—૨૦૧૬ પછી થી પીજીવીસીએલ મા થયેલ છે — તે બન્ને સપ્લાય કોડ વચ્ચે ના સમયગાળા દરમ્યાન — એટલેકે તા.૧૧—૧૨—૧૫ ના રોજ — પીજીવીસીએલ ની નિગમીત કચેરી રાજકોટ તરફથી, નિગમીત કચેરી રાજકોટ હેઠળ ની, તમામ વર્તુળ કચેરીઓ ને પાઠવવામા આવેલ માર્ગદર્શક પરીપત્ર નં.: પીજીવીસીએલ/રજી.સેલ/૧૦૩૭૨ તા.૧૧—૧૨—૧૫ મા કરાયેલે માર્ગદર્શન મુજબ, '' જોડાણકાર તેમના જોડાણ મા — કરારનામા તારીખ પછીના ૦૧ વર્ષ બાદ, કુલ કરારીત વીજભાર ના ૧૦% સુધી વીજભાર ઘટાડો મેળવી શકે છે. '' તે મુજબ નુ માર્ગદર્શન — જે નિગમીત કચેરી રાજકોટ તરફથી, તમામ વર્તુળ કચેરીઓ ને, તા.૧૧—૧૨—૧૫ ના રોજના પરીપત્ર થી અપાયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૩</u> | આમ, ઉપરોકતં મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નો, નિગમીત કચેરી રાજકોટ નો પરીપત્ર, જે તા.૧૧–૧૨–૧૫ ના રોજ નો છે. જયારે, રીવાઇઝ સપ્લાય કોડ નં. – ૦૪/૨૦૧૫, જે ગર્વમેન્ટ ઓફ ગુજરાત ના તા.૨૪–૦૯–૧૫ ના ગેઝેટ મા પ્રસીઘ્ધ થયેલ હોવા છતા,આ રીવાઇઝ સપ્લાય કોડ નં. – ૦૪/૨૦૧૫, જે પીજીવીસીએલ મા માર્ચ–૨૦૧૬ થી અમલવારી મા આવેલ છે. આમ, અગાઉ ના સપ્લાય કોડ અને રીવાઇઝ સપ્લાય કોડ નં. – ૦૪/૨૦૧૫,વચ્ચે ના સમયગાળા મા, એટલેકે તા.૧૧–૧૨–૧૫ ના રોજ નિગમીત કચેરી રાજકોટ નો સદર કેઈસ ના કરારનામા તારીખ ને સબંધક એવી આનુષાંગીક બાબતો ને આધિન એવો માર્ગદર્શન મુજબ નો પરીપત્ર છે. નિગમીત કચેરી રાજકોટ ના આ પરીપત્ર તા.૧૧–૧૨–૧૫ મા કરાયેલ માર્ગદર્શન ને આનુષાંગીક રહેતા, ફરીયાદી અરજદાર શ્રી, કે જેઓએ તેઓ શ્રી ના હૈયાત એચ.ટી. જોડાણ નં. ૨૭૧૯૧ મા, ૩૫૦૦ કેવીએ નો વીજભાર– જે અરજદારે તા.૦૯–૦૩–૧૫ ના કરારીત કરેલ છે – તે તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત કરેલ એવા ૩૫૦૦ કેવીએ ના વીજભાર મા – હાલ ના તબ્બકે, અરજદાર શ્રી એ, ૧૦% સુધી વીજભાર ઘટાડો જે માંગેલ છે. તે ૧૦% સુધી નો વીજભાર ઘટાડો, એટલેકે ૩૫૦ કેવીએ નો વીજભાર ઘટાડો – જે કરારનામા તા.૦૯–૦૩–૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ – એટલેકે તા.૦૮–૦૩–૧૬ થી મંજુરી ને પાત્ર હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૪</u> | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે નો, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના સદર જોડાણ, જે તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત કરેલ છે, તેવા તા.૦૯–૦૩–૧૫ ના રોજ ના મુળ કરાર મુજબ ના ૩૫૦૦ કેવીએ ના વીજભાર માથી, તા.૦૯–૦૩–૧૫ પછી ના ૦૧ વર્ષ બાદ, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો, જે તેઓ શ્રી ની અગાઉ પીજીવીસીએલ સમક્ષ કરાયેલ તા.૧૪–૦૯–૧૬ ની વિધીસર ની અરજી રજુ કરી અને માંગેલ છે. અરજદારે તેમની આ તા.૧૪–૦૯–૧૬ની અરજી મા, ખરેખર કઈ તારીખ / માસ થી, ૩૫૦ કેવીએ સુધી નો વીજભાર ઘટાડો માંગેલ છે ? તેની સ્પષ્ટતા – અરજદારે તેમજ પીજીવીસીએલ પક્ષકારે કરેલ નથી. પરંતુ, અરજદાર શ્રી ને તેઓ શ્રી ના સદર એચ.ટી. જોડાણ મા, અગાઉ તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત થયેલ એવા, ૩૫૦૦ કેવીએના મુળ કરારીત વીજભાર માથી, કરાર તા.૦૯–૦૩–૧૫ પછી, એક વર્ષ બાદ, સદર ૩૫૦૦ કેવીએના વીજભાર માથી, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો – એટલેકે ૩૫૦ કેવીએ ના વીજભાર ઘટાડો, જે તા.૦૮–૦૩–૧૬ થીજ આપવાની બાબત, જે પીજીવીસીએલ માટે, કરારાધીન એવી નિયત થયેલ નિયમાધીન બાબતોને આનુષાંગીક હોય – જેથી, અરજદાર શ્રી એ તેઓ શ્રી ની પીજીવીસીએલ સમક્ષ ની તા.૧૪–૦૯–૧૬ની અરજી મા, જે તારીખ / માસ થી, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો માંગેલ છે, અરજી મા દર્શાવેલ તે તારીખ / માસ, જે તા.૦૮–૦૩–૧૬ પછી ની તારીખ / માસ હોય તો, અરજદાર શ્રી ને, આ મુજબ ની, તા.૦૮–૦૩–૧૬ પછી ની તારીખ / માસ થી જ, તેઓ શ્રી ના સદર એચ.ટી. જોડાણ ના અગાઉ તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત થયેલ એવા જોડાણ મા, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો – જે ૩૫૦ કેવીએ નો વીજભાર ઘટાડો મંજુર કરી અને તે મુજબ, કરાર ને ૩૧૫૦ કેવીએ ના વીજભાર વાળુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪:**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨ અને આનુષાંગીક રહી અને નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે,અરજદાર શ્રી એ તેઓ શ્રી ની પીજીવીસીએલ સમક્ષ ની તા.૧૪–૦૯–૧૬ની અરજી મા, જે તારીખ / માસ થી, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો માંગેલ છે – જેથી અરજદાર શ્રી ની સદર તા.૧૪–૦૯–૧૬ની અરજી મા દર્શાવેલ તે તારીખ / માસ– જે તા.૦૮–૦૩–૧૬ પછી ની તારીખ / માસ હોય તો – અરજદાર શ્રી ને, આ મુજબ ની, તા.૦૮–૦૩–૧૬ પછી ની તારીખ / માસ થી જ, તેઓ શ્રી ના સદર એચ.ટી. જોડાણ ના અગાઉ તા.૦૯–૦૩–૧૫ ના રોજ કરારીત થયેલ એવા જોડાણ મા, ૧૦% સુધી નો વીજભાર ઘટાડો – જે ૩૫૦ કેવીએ નો વીજભાર ઘટાડો મંજુર કરી અને તે મુજબ, કરાર ને ૩૧૫૦ કેવીએ ના વીજભાર વાળુ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..